# મહેસાણામાં હોટલો અને નાસ્તા ગૃહોમાં ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસૂલ કરી ઉઘાડી લૂંટ ચલાવે છે

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લામાં હાઈ-વે અને ટાઉનોમાં આવેલ કેટલીક હોટલો અને નાસ્તાગૃહોમાં ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસૂલ કરીને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

જિલ્લામાં હાઈ-વે પર તેમજ શહેરની અંદર કેટલીયે નાની મોટી હોટલો, ભોજનાલયો અને નાસ્તા ગૃહો આવેલ છે. કેટલીક હોટલો અને નાસ્તાગૃહોમાં ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસૂલ કરાય છે. કેટલીક હોટલોમાં વેટની ચોરી કરીને વિવિધ વાનગીઓ શાકભાજી તેમજ અન્ય ખાદ્યચીજોના ખુબજ ઉંચા ભાવ લઈને જાણે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

વધુમાં ઉંચા ભાવ આપવા છતાં તોલમાપમાં છેતરપીંડી થતા હોય છે તેમજ વેટની પણ ચોરી થતી હોવાનું કહેવાય છે. અત્રે જે હોટલો છે તે પૈકી કેટલીક હોટલો લાયસન્સ વિના ચાલે છે. જ્યારે કેટલાક નાસ્તા ગૃહોના સંચાલકો પાસે ખોરાક અને ઔષધ નિયમન તંત્રનું જરૂરી લાયસન્સ પણ નથી. પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટટ્રેશન એકટ અને તે હેઠળના રૂલ્સ મુજબ મ્યુ.ની હદમાં રોજ ચોક્કસ મર્યાદામાં વેચાણ માટે ઉત્પાદન કરવા, સંગ્રહ કરવા આ વેચાણ કરવા માટે ચોક્કસ શરતોને આધિન લાયસન્સ લેવુ જરૂરી હોય છે. તેમ છતાં આવુ લાયસન્સ લેવામાં આવેલ નથી.

આમ વેટની ચોરી તોલમાપમાં છેતરામણી તથા જરૂરી લાયસન્સ વિના આવા દંધાઓ ચાલી રહ્યા હોવા છતાં લાગતા વળગતા સરકારી ખાતાઓના અધિકારીઓ કોઈ તપાસ કરતા નથી કે પગલા ભરતા નથી. પરિણામે આવા ધંધાવાળાઓ ગ્રાહકોને સરેઆમ લુંટી રહ્યા છે. વેટ પુરવઠા, મહેસૂલ, પોલીસ, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર તથા તોલમાપ ખાતાના અધિકારીઓ દ્વારા તપાસ થાય તો કેટલાયે ધંધાર્થીઓ સાણસામાં આવે અને સરકારની આવક પણ વધી શકે તેમ છે. પરંતુ સંબંધિત તંત્રોના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને ખિસ્સા ગરમ થતા હોઈ કાનુની રાહે કડક કાર્યવાહી ન થવાથી છેવટે લોકોને સહન કરવું પડે છે.



## પાલનપુર રેલવે સ્ટેશને સઘન ચેકીંગ

ગુરૂવારે સાંજે આંધ્રપ્રદેશના હૈદ્રાબાદમાં થયેલ સીરીયલ બોમ્બ પ્લાસ્ટમાં અનેક નિર્દોષ માનવીઓના કરૂણ મૃત્યુ થયા ત્યારે દેશભરમાં હાઈએલર્ટના પગલે પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ. ત્યારે સરહદી જિલ્લા બનાસકાંઠામાં પાલનપુર રેલવે જંકશન પર આર.પી.એફ. અને જી.આર.પી. પોલીસ દ્વારા મુસાફરોની તેમના સામાનની પ્લેટફોર્મ પર અને ટ્રેનોની આંતરિક ચકાસણીની કવાયત કરાઈ હતી.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ખેડબ્રહ્મા પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ માટે મંગળવારે ચૂંટણી

## પ્રમુખ–ઉપપ્રમુખની ચુંટણીથી શહેરના રાજકારણમાં ગરમાવો

ખેડબ્રહ્મા, તા.૨૨

ખેડબ્રહ્મા નગરપાલિકાના સદસ્યોની મુદત પુરી થતાં ૧૦ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. નવા પ્રમુખ ઉપપ્રમુખ માટે ૨૬-૨-૨૦૧૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે નગરપાલિકાના સભાખંડમાં ચૂંટણી યોજાશે. ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી આર. આર. ઠક્કરના અધ્યક્ષસ્થાને ચૂંટણી કરવામાં આવશે. ખેડબ્રહ્મા નગરપાલિકાની આવતા અઢી વર્ષ માટે રોસ્ટર પોઈન્ટ મુજબ સામાન્ય સીટ માટે કોણ પ્રમુખ બનશે તે અંગે ચર્ચાઓનું રાજકીય વાતાવરણ ગરમ છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના નવ વોર્ડમાં કુલ ૨૭ સદસ્યો ચૂંટાયા છે. જેમાં ભાજપના ૧૪, કોંગ્રેસના ૧૨ અને એક અપક્ષ સદસ્ય છે. ૨૭ સદસ્યોમાં ૯ મહિલા સદસ્યો ચૂંટાઈ છે. પાલિકામાં નવા પ્રમુખ કોણ બનશે તેની અટકળોને લઈ શહેરમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. ભાજપની છાવણીમાંથી પ્રમુખપદના દાવેદારોમાં અરવિંદભાઈ રાવલ-અરવિંદભાઈ ઠક્કર, વિનોદભાઈ પટેલ, હિતેશભાઈ દિક્ષિત તથા જીજ્ઞેશભાઈ ભાવસારનાં નામોની ચર્ચા સાંભળવા મળે છે. શહેર કોંગ્રેસના ચૂંટાયેલા સદસ્ય પ્રવિણસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બનહરીફ નહીં થાય અને કોંગ્રેસના ઉમેદવાર ચૂંટણીમાં ઉભા રાખીશું. ભાજપ કોના નામનો મેન્ડેડ આપે છે અને કોના નસીબમાં પ્રમુખ-ઉપપ્રમુખની ખુરશી લખાઈ છે તે જોવાનું રહ્યું.

# કમોસમી વરસાદને કારણે બનાસકાંઠાના ૩૭ ગામોના ૬૦૬૨ હેક્ટર વિસ્તારમાં કૃષિ પાકોને નુકશાન

## ચાલુ વર્ષે રવિઋતુમાં કુલ ૧૨ પાકોને પાક વિમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

રાજયના બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદને કારણે પ્રાથમિક સર્વેના અહેવાલ મુજબ ૩૭ ગામોના ૬૦૬૨ હેક્ટર વિસ્તારમાં કૃષિ પાકને નુકશાન થયું હોવાનું રાજ્યના કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે નિયમોનુસાર સહાય ચૂકવવામાં આવે છે.

ભાજપના ધારાસભ્ય દેવુસિંહ ચૌહાણે તાજેતરમાં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલ નુકશાનથી ખેડૂતોમાં પ્રસરેલી ચિંતાની લાગણી દૂર કરવા સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલા અંગે તાકીદ જાહેર અગત્યની બાબત અંગેની નોટીસ લાવ્યા હતા અને કમોસમી વરસાદને કારણે થયેલ કૃષિ પાકના નુકશાન પેટે નાના સીમાંત ખેડૂતોને વળતર આપવાની શું જોગવાઈ છે તેવા પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં રાજયના કૃષી મંત્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે કુદરતી આપત્તિઓના કારણે પાકને થતાં નુકશાન માટે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના ઠરાવો અનુસાર શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેક્ટર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીને આવી સહાય મંજૂર કરી ચૂકવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોને થયેલ સંભવિત નુકશાન અંગે સર્વે જિલ્લા વિકાસ અધિકારીએ જે તે જિલ્લા સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી નાયબ ખેતીવાડી નિયામક મારફત કરાવી તેની વ્યાજબી ચકાસણી ખરાઈ કરાવી આ ઠરાવના ધોરણો મુજબ મંજુરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહેશે.

તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદને કારણે બનાસકાંઠા તાપી અને ડાંગ જિલ્લાઓમાં પાકને થયેલ નુકશાનના અહેવાલ મળેલ હતા. જેના અનુસંધાને પ્રાથમિક સર્વે કરતાં ડાંગ અને તાપી જિલ્લાઓમાં સદરહુ ઠરાવની જોગવાઈ મુજબ ૫૦ ટકાથી ઓછુ નુકશાન થયેલ હોવાથી કોઈ રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તેમણે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક સર્વેના અહેવાલ મુજબ ૩૭ ગામોના ૬૦૬૨ હેક્ટર વિસ્તારમાં કૃષિ પાકને નુકસાન થયેલ હોવાનું જણાયેલ છે. વિગતવાર સર્વેની કામગીરી હાલમાં ચાલુ છે. વિગતવાર સર્વેના અંતે ઉપરોક્ત ઠરાવની જોગવાઈઓ મુજબ સહાય આપવામાં આવશે.

ચાલુ વર્ષે રવિઋતુમાં કુલ ૧૨ પાકોને પાક વિમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. સદર પાકોમાં જો કમોસમી વરસાદને કારણે નુકસાન થયેલ હશે તો આ પાકોમાં ગોઠવવામાં આવેલ પાક કાપણીના અખતરાઓના ઉત્પાદનના અંદાજોની ગણતરી વખતે તેના નિયત ધોરણ કરતાં જો ઘટ જણાશે તો નિયમોનુસાર પાક વિમો ચૂકવવામાં આવશે. કેટલાક વિસ્તારોમાં શેરડી, ઘઉ ઉને શાકભાજીના પાકોમાં આ વરસાદને કારણે જમીનમાં ભેજ વધવાથી ફાયદો પણ થવાની શક્યતા છે.

# લક્ષ્મીપુરા મુકામે વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ઉજવણી કરાઈ




(ફોટો : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે લક્ષ્મીપુરા સુથાર યુવક મંડળ અને ગામના લોકો દ્વારા સુથાર ફળીમાં સ્થિત ભગવાન વિશ્વકર્મા પ્રભુની રંગે ચંગે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે ગામની વચ્ચોવચ સુથાર ફળી મુકામે ભગવાન

શ્રી વિશ્વકર્મા પ્રભુનું સુંદર સોહામણું મંદિર આવેલું છે. જયાં મંદિરની આસપાસ વિશ્વકર્મા પુત્રો સુથાર, પંચાલ, પ્રજાપતિ, લુહાર અને સોનીની મોટા પ્રમાણમાં વસ્તી રહે છે. અને આ સમાજના લોકો દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી અવિરત વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ લક્ષ્મીપુરા યુવક મંડળના સહયોગથી વિશ્વકર્મા જયંતિ પ્રસંગે નગરયાત્રા, પ્રભાતફેરી, ભજન વિશ્વકર્મા પૂજન, આરતી તથા વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો અને શ્રધ્ધાળુઓ જોડાયા હતા. પ્રભુના ગુણગાન સાથે મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# તલોદમાં ટ્રિનિટી સ્કૂલ ખાતે વિશ્વ માતૃભાષા ગૌરવદિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં તા. ૨૧ ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના પ્રમુખશ્રી શ્રી આર.એલ. પટેલ સાહેબ તથા મુખ્ય મહેમાન તરીકે ડૉ. શ્રી પ્રેમજીભાઈ પટેલ (પ્રાધ્યાપક શ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ) ઉપસ્થિત રહ્યા હતા. માતૃભાષા દિનની ઉજવણીની શરૂઆત પ્રાર્થના ગીત અને સ્વાગીત ગીત દ્વારા કરવામાં આવી. આ ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કવિ કલાપી, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ઉમાશંકર જોષી, કનૈયાલાલ મુન્શી વગેરે લેખકો-કવિઓના પરિચયના સુંદર ચાર્ટસ તૈયાર કર્યા હતા. અને તેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદઘાટન ડૉ. પ્રેમજીભાઈ પટેલે રીબીન કાપીને કર્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. પ્રેમજીભાઈ પટેલે માતૃભાષા દિનની મહત્વ સમજાવતા, જુદાં જુદાં દેશો અને રાજયોમાં માતૃભાષાને લગતા સુંદર ઉદાહરણો આપ્યા હતા. સાથે સાથે ગુજરાતી સાહિત્યના કવિઓની કવિતાઓનું પણ પઠન કરી વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી. તેમજ માતૃભાષાની પાછળ કેવા ભાવો છુપાયેલા છે તેની પણ સમજ આપી હતી.

ત્યારબાદ શાળાના પ્રમુખશ્રી આર.એલ. પટેલ સાહેબે પણ વિદ્યાર્થીઓને માતૃભાષા દિનનું મહત્વ સમજાવ્યું હતું. આમ વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી અને છેલ્લે ઉપસ્થિત મહેમાનશ્રી ડૉ. પ્રેમજીભાઈ પટેલનું શાળાના સુપરવાઈઝર શિક્ષકશ્રી અલ્પેશભાઈ પટેલે શાળા પરિવાર વતી આભાર માન્યો હતો.

## હિંમતનગરમાં નાટક 'એકમેકના સથવારે' ભજવાશે

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં વિભાગ અને ગુજરાત સંગીત નાટક અકાદમીના સૌજન્યથી સામાજિક કોમેડી, દ્વિઅંકી નાટક 'એકમેકના સથવારે' તા. ૨૫મી ફેબ્રુઆરીના રોજ હિંમતનગરમાં ટાઉનહૉલમાં ભજવાશે. તા. ૨૭મી ફેબ્રુઆરીએ નાસિકમાં ભજવાશે. 'એકમેકના સથવારે' નાટકની કથા વાર્તા પ્રબોધભાઈ જોશીની છે. દિગ્દર્શન ભરતભાઈ વ્યાસે કરેલું છે. નાટકનાં ભરત વ્યાસ, જયપ્રકાશ જોશી, ભારતી ખંડાગલુ, મહેન્દ્ર પ્રજાપતિ, શિવાંગી પ્રિયદર્શી, ગાંધીનગરના હસમુખ મેકાવન, નીધિ ઉપાધ્યાય અભિનયનાં અજવાળા પાથરશે.

# મજરા મંડળીમાં સેક્રેટરીએ ઉચાપત કરતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લા ના -ાંતિજ તાલુકાની મજરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી માં દસ વર્ષ દરમિયાન સવા બે લાખ થી વધુ ની ઉચાપત સેક્રેટરી એ કરતા -ાંતિજ પોલીસ મથક માં ફરિયાદ નોધાઈ છે.

ધી મજરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી માં તા-૨૩-૦૭-૦૨ થી તા-૧૨-૦૮-૧૧ દરમિયાન ના સમયમાં ગામના સેક્રેટરી દશરથભાઈ શનાભાઈ પટેલ પોતાના સમય માં મંડળી માંથી રૂ ૨ લાખ ૨૭ હજાર ની ઉચાપત કરેલી જે અંગે જીલ્લા લગત મદદનીશ અધિકારી જે એન બામણા ને ઓડીટ દરમિયાન ધ્યાન પર આવતા ગુરુવાર ના રોજ -ાંતિજ પોલીસ મથકે સેક્રેટરી વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી.




પાટણ તાલુકાના ચંદ્રુમાણા ખાતે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ઉપક્રમે યોજાયેલા લોક સુનાવણી કાર્યક્રમને સંબોધતાં જિલ્લા કલેકટરશ્રી જે. જી. હિંગરાજીયાએ જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરવાની બાબત સૌનું સહિયારું દાયિત્વ છે. આ દિશામાં સામુહિક લોકચેતના ઉભી થવી જોઈએ. વિકાસની પ્રક્રિયા સતત ચાલતી બાબત છે. વિકાસ પર્યાવરણના ભોગે ના થવો જોઈએ. નિસર્ગ પાસેથી આપણે ઘણું મેળવીએ છીએ ત્યારે નિસર્ગ પરત્વે કુતજ્ઞતા કેળવી નિસર્ગને આપણી કામના પ્રમાણે વળતર આપી નિસર્ગ નિયમનને જાળવવામાં મદદરૂપ બનવું જોઈએ.

# હિંમતનગર એસ.ટી. સ્ટેન્ડ એ. એસ. આઈ. દારૂ પીધેલી હાલતમાં ઝડપાયો

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લા નામુખ્યા મથક હિમતનગર શહેર ના મોતીપુરા વિસ્તાર માં આવેલ એસ ટી વિભાગીય કચેરી માં સુરક્ષા શાખા નો એ એસ આઈ શુક્રવાર એ દારૂ સેવન કરી નશાખોર હાલત માં ઓફીસ માં પકડાયો હતો જે અંગે હિમતનગર ટાઉન પોલીસ મથકે એસ ટી વિભાગીય કચેરી ના વિષ્ણુકુમાર મનહરલાલ દવે એ ફરિયાદ નોધાવતા પોલીસ એ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ મોતીપુરા ખાતે આવેલ એસ ટી વિભાગીય કચેરી માં સુરક્ષા શાખા માં એ એસ આઈ તરીકે ફરજ બજાવતા કર્મચારી શક્તિસિંહ સજજનસિંહ ઝાલા મૂળ રહેવાસી રાજકોટ ના અને હાલ રહે એસ ટી કોલોની હિમતનગર ના શુક્રવાર ના રોજ બપોર ના ૩.૪૫ વાગે ના સુમારે દારૂ નું સેવન કરી નશા ની હાલત માં ભાન ભૂલી ને ઓફીસ માં આવી ગયા હતા તેથી ઓફીસ ના વિષ્ણુકુમાર મનહરલાલ દવે એ તાત્કાલિક હિમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસ એ તાત્કાલિક જઈ ને નશા ની હાલત માં ચુર શક્તિસિંહ સજજનસિંહ ઝાલા ને પકડી પોલીસ મથકે લાવ્યા હતા અને તેમના વિરુદ્ધ વિષ્ણુકુમાર મનહરલાલ દવે ની ફરિયાદ આધારે કલમ ૮૫(૧), ૩, ૬૬(૧)બી મુજબ -ોહીબીશન નો ગુનો નોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચિત્રોડીની સગીરાએ ઝેરી દવા પી જતા મોત

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લા ના વિજયનગર તાલુકા ના ચિત્રોડી ગામ ની એક સગીરા એ ગુરુવાર ના રોજ બપોર ના સમયે ઘરે ઝેરી દવા પી ગયેલ જેને સારવાર માટે હિમતનગર સિવિલ માં દાખલ કરેલ જયાં તેનું શુક્રવાર એ સવારે મોત નીપજયું હતું આ અંગે સિવિલ ના ડોકટરે હિમતનગર પોલીસ ને જાણ કરતા પોલીસ એ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ ચિત્રોડી ગામ ની અંદાજે ૧૮ વર્ષીય જયશ્રીબેન બચુભાઈ નીનામા ગુરુવાર ના રોજ કોઈ પણ કારણોસર ઝેરી દવા પી ગયેલ જેને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ થી ભિલોડા કોટેજ હોસ્પિટલ માં લાવેલ જયાંથી વધુ સારવાર માટે હિમતનગર સિવિલ માં સારવાર માટે દાખલ કરેલ જયાં શુક્રવાર ના રોજ સવારે ૧૦.૪૦ વાગે સારવાર દરમિયાન મોત નીપજયું હતું આ અંગે સિવિલ ના ડોકટરે હિમતનગર પોલીસ ને જાણ કરતા પોલીસ એ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮